# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# VP RE Invest - Gandhinagar

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ભાવિ પેઢીઓ માટે ગ્રહને બચાવવા માટે પરિવર્તન અને સામૂહિક પગલાં લેવાની હાંકલ કરી છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ સંમેલનના સમાપન સત્રને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું કે આપણે આપણી ભાવિ પેઢી માટે આ ગ્રહને રહેવાલાયક બનાવીને છોડી જઈએ તે માટે તેનું સંવર્ધન કરવાની દરેક વ્યક્તિની જવાબદારી છે તેમણે ટકાઉ વિકાસ માટે ઉર્જાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

પૃથ્વીને બચાવવા માટે પગલા લેવાની હાકલ કરતા શ્રી ધનખડે વધુમાં જણાવ્યું..

(Byte Jagdeep Dhankhad.)..

શ્રી ધનખડે જણાવ્યું હતું કે ભારત સતત વૃધ્ધિ કરી રહ્યું છે અને આવનારા સમયમાં તે આગળ વધતું રહેશે. આબોહવા પરિવર્તનના જોખમનો સામનો કરવા માટે નવીનતા અને નવી રીતોની જરૂરિયાત પર ભાર મૂકતા, ઉપરાષ્ટ્રપતિએ આબોહવા સંરક્ષણ માટે ભારત દ્વારા કરવામાં આવી રહેલા વ્યાપક પ્રયાસોની પ્રશંસા કરી.

શ્રી ધનખડે યુવાનોને પરિવર્તનનું કેન્દ્ર ગણાવ્યું હતું અને યુવાનો માટે નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રની તકોનો ઉલ્લેખ કર્યો હતો.

અગાઉ, કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે ઇન્ડિયાઝ પાથ-વે ટુ નેટ ઝીરો પર યોજાયેલા સત્રમાં જણાવ્યું કે, ભારતમાં વિશ્વની 17 ટકા વસ્તી છે, છતાં માથા દીઠ કાર્બન ઉત્સર્જન ઘણું ઓછું છે. શ્રી યાદવે વધુમાં આ મુજબ જણાવ્યું...

(Byte - Bhuepndra Yadav)

આ પ્રસંગે કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------

## ROHIT VADHVANA

દક્ષિણ અમેરિકી દેશ બોલિવિયા ખાતે ભારતના નવા રાજદૂત તરીકે ગુજરાતી અધિકારી રોહિતકુમાર વઢવાણાની નિમણૂંક થઇ. શ્રી વઢવાણા દેવભૂમિ દ્વારકા જિલ્લાના મૂળ વતની છે, અને ભારતીય વિદેશ સેવાના 2010 બેચના અધિકારી છે. તેઓ બોલિવિયા ખાતે ભારતના પ્રથમ રાજદૂત બનશે. આ પહેલા પેસ ખાતેના ભારતના રાજદૂતાવાસથી જ બોલિવિયા સાથેના ભારતના સંબંધોનું સંચાલન થતું. હાલ શ્રી વઢવાણા કેન્યાના નૈરોબી ખાતે ભારતીય ઉચ્ચાયુક્તમાં સહ-ઉચ્ચાયુક્ત તરીકે ફરજ બજાવે છે.

-------------------------

## BOTAD KAPAS AWAK

બોટાદ શહેરમાં આવેલ સૌરાષ્ટ્રના સૌથી મોટા કોટન યાર્ડમાં આશરે 10 થી 12 હજાર મણ કપાસની આવક થઈ રહી છે. આવતા દિવસોમાં 1 લાખ મણ સુધીની આવક થવાની શક્યતા છે.

બોટાદ સહિત આસપાસના અમરેલી, રાજકોટ, અમદાવાદ, સુરેન્દ્રનગર ભાવનગર સહિત જિલ્લામાંથી ખેડૂતો બોટાદ યાર્ડમાં કપાસ વેચવા આવે છે..હાલ માં ખેડૂતો જૂનો તેમજ નવો કપાસ લઈને આવતા હોય છે, ત્યારે ખેડૂતોને 1 હજાર 400 રૂપિયાથી લઈ 1 હજાર 650 રૂપિયા સુધીનો ભાવ ખેડૂતોને મળે છે. બોટાદ માર્કેટિંગ યાર્ડમાં કોઈપણ જણશ લઈ ખેડૂત વેચવા આવે ત્યારે તેમને તેજ દિવસે નાણા મળી જાય છે. જેના કારણે ખેડૂતોને ખૂબ રાહત મળે છે. તેમ બોટાદ એપીએમસીના ચેરમેન મનહર માતરિયાએ જણાવ્યું હતું.

(બાઇટ- મનહર માતરિયા...ચેરમેન બોટાદ માર્કેટિંગ યાર્ડ)

. . . . . . . . . . . . . .

## SWACCHTA HI SEVA – INFO SNR

‘સ્વચ્છતા હી સેવા ૨૦૨૪’ અભિયાન અંતર્ગત ચોટીલા તાલુકામાં મોટો મોલડી ખાતે ‘સ્વચ્છતા હી સેવા', ‘એક પેડ માં કે નામ', ‘સેવા સેતુ' એમ ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોએ શ્રમદાન થકી સ્વછતા હિ સેવા અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત સફાઇ કર્મચારીઓ માટે હેલ્થ ચેક અપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે યોજાયેલા ૧૦ માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમમાં ગ્રામજનોએ ઘર આંગણે જ સરકારના ૧૩ જેટલા વિભાગોની વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો.

-------------------

## MEHSANA - PASHU MOT SAHAY

મહેસાણા જિલ્લામાં તાજેતરમાં ચોમાસા દરમિયાન પશુઓ ઉપર વીજળી, ઝાડ કે દીવાલ પડવાથી 25 જેટલા મુંગા પશુઓનાં મૃત્યુ થયા હતા.

મહેસાણા વહીવટી વિભાગે સહાય માટે આવેદન મંગાવ્યા હતા જેમાં 25 પશુઓ માંથી 18 પશુઓ માટે સહાય મંજુર કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી વિભાગ દ્વારા 4 લાખ 51 હજાર રૂપિયાની સહાય ચુકવવામાં આવી હતી.

.................